સુધરેલી રીત મુજબ
વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટિએ
તૈયાર કરેલી.

બીજી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠના સવાલ; પાઠનો સાર; ભુગોળ; પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર; ડમ્બેલ્સની ડ્રિલ; વગેરે.)

Publishar—**D. N. Shah.**
Gandhi chowk–SURAT.

સોલ એજન્ટ–ઈશ્વરલાલ મગનલાલ મોતીરામ.
શાહપોર, કુંભારવાડા–સુરત.

પુસ્તક સને ૧૮૯૭ના ૨૫મા આકટ મુજબ રજીસ્ટર કરાવ્યું છે.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
નવાનુ ઠેકાણું–શ્રી 'શંકર' પ્રિન્ટીંગ પ્રેસ, ચૌટાબ્રીજ–સુરત.

[૪૩૦] કીંમત ચાર આના. [૧૯૮૬

૧૫૬૪૪૭

મેસર્સ સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

બીજી ચોપડીના અર્થ.

પાઠ ૧.

મેજ=ટેબલ
સુમાર=લાકડાનું કામ કરનાર
કડીઓ=છો ઈંટનું કામ કરનાર
મધમધે=ખુશબોથી બહેક બહેક થઇ રહે
પવન=વાનું વાવું
વાસ=સુગધ; પીમળ
તળાવ=જેથી ચારે બાજુ જમીન અને વચમાં પાણી હોય તે
પહાડ=મોટા ડુંગર
પાધર=ખુલ્લી જગા
ધર્મશાળા=મુસાફરોને ઉતરવાની જગા
વટેમાર્ગુ=મુસાફર
ઓસરી=ઓટલી
અજવાળું=સુરજ, દીવા વગેરેનો પ્રકાશ
ઘોર=બીક લાગે તેવું
ઝગઝગે=પ્રકાશે
ઉજાસ=ઝાંખું અજવાળું
સરજ્યાં=બનાવ્યાં
કળાતું=સમજાતું
પાડ=ઉપકાર
યાદ=ફેમ; સરત
ઉપકાર=પાડ; આભાર
ભક્તિ=ભજન

સાર-દરરોજ ઈશ્વરની ભક્તિ કરવી.

પાઠ ૨.

વર્ણન=હકીકત
ગવૈયા=ગાયન કરનાર
મધુર=મીઠું
પંખેરૂં=પક્ષી
ભમર=ભમરો
મુલ્લાં=મુસલમાનનો નીમાજી;
તૂલ=અનાજનો ઉગેલો છોડ
અંધકાર=અંધારૂં
મુજ=મારા
પંખી=પાંખવાળું પ્રાણી; પક્ષી
વન=જંગલ; રાન
વહાણું વાયું=સવાર થઇ
વીતી ગઇ=પુરી થઇ
પૂર્વે=પૂર્વ દિશામાં
ઝગઝગાટ=ચળકાટ
ભાતભાતના=તરેહ તરેહના
દીસે=જણાય; દેખાય
પાન=પાંદડાં; પાંતરાં
કુકડા=મરઘા
મેના=એક જાતનું સુંદર રાગનું પક્ષી
ફુટડા=રૂપાળા; શોભિતા
તેજ=પ્રકાશ

ફીકું=ઝાંખું	દીએ=આપે	ઢોર=ચોપગાંજાનવર;પશુ
મોઢું કાળું થયું=દેખાતા બંધ થયા; સંતાઇ ગયા	રૂડું=સારૂં; ઘણું	ચારો=ખાવાનું
ખુણાખાંચા=ગલીકુંચી; છુપી જગા	બાંગ=મોટાઅવાજથી નિમાજ પઢવી તે	વેલી=વેલા
ખોળે=શોધે	ચંદ્રતણો=ચંદ્રમાનો	ખીલે=ફૂટે
ભક્તજનો=ભગતો	ઉદય થયો=ઊગ્યો	નહિ ભૂલ=ભૂલ વગર
ધ્યાનધરે=આંખ મીંચી પરમેશ્વરને જુએ	કમળ=કમળનું ફુલ	તાજાં=તરતનાં ખીલેલાં
ગાન=ગાયન	પત્ર=પાંખડી	ટોળે=ટોળાબંધ
દાતા=સખી; દાતાર	ખોલે=ઉઘડે; ખીલે	વીર=ભાઇ
	ઉમંગી=હોંસીલા	મગન=ખુશી
	ધાય=દોડે; ઊડે	પ્રભુકેરૂં=પ્રભુનું
		ધ્યાન=ચિત્ત; મન

સમજુતી—હે! મારા વહાલા દીકરા તું ઊઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી. પૂર્વ દિશામાં સુરજ ઊગવાની તૈયારી થવાથી અજવાળું થયું, તેથી જાત જાતના રંગો દેખાય છે, અને ઝાડનાં પાંદડાં હાલે છે, માટે હે! મારા વહાલા દીકરા તું ઊઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. (૧) મરઘા કુકરેકૂક કરે છે. અને કાગડા કા કા કરે છે. શોભિતા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. (ટેક ૨) સુરજના ઊગવાથી ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડ્યું અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી, તેથી, ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવાને માટે ગલીકુંચી શોધે છે. (ટેક ૩) ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે, અને ગવૈયાઓ ગાયન ગાય છે. ઉદાર માણસો ઘણું દાન આપે છે, અને મુલ્લાંજી નિમાજ પઢવાને માટે બૂમ પાડે છે. (ટેક ૪) સુરજ ઊગ્યો તેથી રાતનું અંધારૂં જતું

રહ્યું, ભમરો ગું ગું અવાજ કરી રહ્યો છે, અને કમળના ફૂલની પાંખડીઓ ખીલે છે. (ટેક ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ માણસો ધંધે વળગવાને હોંસીલા થાય છે. પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચારો શોધે છે. (ટેક ૬) ઝાડ, વેલા, ફળ અને ફૂલ, ભૂલ વગર એટલે નિયમસર ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠાં થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટેક ૭) મા એમ કહે છે કે, હે ભાઇ! તું ખુશી થઇને પરમેશ્વરનું નામ દઇને ઊઠ અને મન દઇને પાઠ વાંચ. (ટેક ૮)

પાઠ ૩.

વરસ=બાર મહીના
ઋતુ=મોસમ; રત
મહીનો=ત્રીસ દિવસ
કારતક=વરસનો પહેલો મહીનો
તહેવાર=આનંદનો દિવસ
શિઆળો=ટાઢની મોસમ
ઉડાડે છે=ચગાવે છે
ઉતરાણ=સંક્રાંત;સુરજનું ઉત્તર તરફ જવું તે
રત=ઋતુ; મોસમ
હોળી=ફાગણ સુદ પુનેમ
સુદ=અજવાળીઉં;
વદ=અંધારીઉં;
પખવાડીઉં=પંદર દિવસ
તિથિ=દિવસ
અમાસ=મહીનાનો છેલ્લો દિવસ; જે દિવસે ચંદ્ર બીલકુલ ઊગતો નથી તે દિવસ
પંખા=વીંજણા
ચોમાસું=વરસાદની ઋતુ
બળેવ=રાખડી બાંધવાનો દિવસ; શ્રાવણ સુદ ૧૫
દશેરા=રાખડી છોડવાનો દિવસ; આસો સુદ ૧૦
દિવાળી=વરસના છેલ્લા મહીનાનો છેલ્લો દિવસ; આસો વદ અમાસ
પર્વ=તહેવાર; ટાણું

સવાલ—વરસની ઋતુ કેટલી ને તે કઇ કઈ? દરેક ઋતુ કેટલા મહીનાની અને તે મહીના કયા કયા? વરસના મહીના કેટલા, મહીનાનાં દિવસ કેટલા? મહીનાના પખવાડીઆં કેટલાં અને તે કયા કયા?

પખવાડીઆના દિવસ કેટલા ? મહીનામાં પુનેમ અને અમાસ કેટલી આવે ? મહીનામાં બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલીવાર આવે ? શિઆળો, ઉનાળો અને ચોમાસાને શેની મોસમ કહે છે ? દરેક ઋતુમાં કયા કયા તહેવાર આવે છે અને તે કંઇ તિથિઓ આવે છે ?

પાઠ ૪.

મેળો=ઘણાં માણસો ને ગાડી ઘોડાની ઠઠ
ગોકળઆઠમ=શ્રાવણ વદ આઠેમ; જન્માષ્ટમી
કડકડતાં=ખરીવાળાં
ભાઇબંધ=દોસ્તદાર
ઠઠ=ગીરદી; ભીડ
વિખુટા=જુદા
દુકાન=માલ વેચવાનું ઠેકાણું
કંસારા=તાંબાં પિત્તળનાં વાસણ બનાવનાર
તાંબુ=લાલ રંગની ધાતુ
પિત્તળ=તાંબુ અને જસતની મેળવણીથી બનેલી પીળા રંગની ધાતુ
સુખડીઆ=મિઠાઇ બનાવનાર
હાટ=દુકાન
કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક
મિઠાઇ=બરફી, પેંડા વગેરે
ખડકેલી=ગોઠવેલી
ખરાદી=સિંધાડા ઉપર ઘાટ ઉતારનાર
સામાન=ચીજો; વસ્તુઓ
પલંગ=છત્રીવાળો કોચ
પારણું=હીંડોળા જેવું ઘોડીઉં
કોચ=બે બાજુએ તકીઆવાળો પલંગ
કાપડીઆ=કાપડ વેચનાર
સુતરાઉ=સુતરનું બનેલું
ઊનનું=ઘેટાના વાળનું
રેશમી=રેશમનું બનેલું
શણ=એક જાતનો છોડ (એની છાલનાં દોરડાં તથા કપડાં બને છે)
સરૈયા=અત્તર, ગુલાબજળ, ધુપેલ વગેરે સુગંધી વેચનાર
બહેક બહેક=મઘમઘ
લીલોમેવો=પાકાં ફળ
દ્રાક્ષ=દરાખ
ચોગાન=ખુલ્લું મેદાન
મદારી=ખેલ કરનાર
ખેલ=રમત
સિપાઇ=ચોકીદાર
સવારો=ઘોડે બેસી ફરનાર સિપાઇ
ફુદડી=ચક્કર

સવાલ—ગોકળઆઠમના મેળામાં શું શું જોયું ?

પાઠ ૫.

નઠારી=ખરાબ
સોબત=સંગત
પટેલ=ગામનો ઉપરી
વાડી=ફૂલ, ફળનાં ઝાડછોડવાળી જગા

મઝા=ગમત
શેખી=પતરાજી
પારકાં=પરાયાં; બીજાનાં
માને=કબુલ કરે
આખરે=અંતે
ઝાંપો=કાંટાનો દરવાજો
આઘે=દૂર
ખાસાં=સારાં; મજાનાં
નિશાન=એધાણ
તાકીને=ધારીને
લૂમ=ઝુમખો
તૂટી પડે=નીચે પડે
ધાટ=ઇલાજ; ઉપાય
રાસ=દોરડું
ઢગલે ઢગલા=ઘણાંજ
દોસ્ત=ભાઇબંધ; મિત્ર
ફક્કડ=સારાં

પછવાડેથી=પાછળથી
રખવાળ=સાચવનાર
સજ્જડ=જોરથી
ઝપાટો=સપાટો
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
અથડાયું=અફળાયું
ચકરી=તમ્મર; ફેર
છુંદાઇ=ચગદાઇ
લોહીલોહાણ=લોહીથી ખરડાએલું
વાડીવાળો=વાડીનો ધણી
લપડાકો=તમાચા
જીવ લઇને નાઠો=ખૂબ દોડયો
ફરીને=પાછળ
ઠોલો=થપ્પડો
ફળ=ફાયદો; લાભ

અસર=લાગણી
સંગ=સોબત; પાસ
રંગ=અસર; પાસ
પ્રેમ=પ્યાર; હેત
ઠામ=ઠેકાણું
ઠરશે=ઉભા રહેશે
બુરો=નઠારો; ખરાબ
મે'તા=મહેતાજી
ભાગ્યશાળી=નસીબદાર
વિદ્યા-ભણતર

સાર-નઠારી સોબતથી તેની નઠારી અસર આપણા પર થાય છે માટે નઠારા માણસની સોબત કરવી નહિ. પણ સારા માણસની કરવી.

સમજુતી—જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેનાં જેવાંજ તે કામ કરશે. જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઇને ઉભા રહેશે. (૨) સારી સોબતથી સારો થશે, નઠારી સોબતથી નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય. (૩)

પાઠ ૬.

રખડેલ=રખડતો
ખાતાં પીતાં હતાં=પૈસે ટકે સુખી હતાં
વયે=ઉંમરે
પારજ રહ્યો નહિ=ઘણોજ થયો
વધાઇ=વધામણી; ખૂશ ખબર
ઓવારણાં=દુઃખડાં
ફોઇ પગલું=ફોઇના તરફથી જે પગલું બાંધવામાં આવે છે તે
ભેટ=ઇનામ
લાડીલો=લાડમાં ઉછરેલો; લાડકવાયો
કુટેવ=નઠારી આદત; ખરાબ ટેવ
પોળ=મોટી ખડકી
અટકચાળાં=અડપલાં; કોઇને ખોટું લાગે એવું કર્યા કરવું તે
લડાઇ=વઢવાડ
વંઠી જશે=બગડી જશે
સીધું ચાલવું=તોફાન મસ્તી ન કરવી
બહાને=નામે
ચૌટું=બજાર
રઝળતો=રખડતો
ટોળું=જથો
મસ્તી=તોફાન
લાતાલાતી=લાતબાજી
લાત=પાછલો પગ મારવો તે
ઉતરી ગયો=સાંધામાંથી ખસી ગયો
ભેંકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી રડતો હતો
હાડવૈદ=ભાંગેલું હાડકું બેસાડનાર વૈદ
લેપ=ખરઠ
ઓસડ વેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા; ભુંડા હાલ
ખો=આદત; ખરાબ ટેવ
શિખામણ=ફાયદાની વાત; બોધ
સુધરી ગયો=કુટેવ છોડી દીધી

સાર—નિશાળનું નામ દઇ રસ્તામાં રઝળવું નહિ, અને નઠારાની સોબત કરવી નહિ.

પાઠ ૭.

જકકી=જીદ્દી; મમતી
વાછરડાં=ગાયનાં બચ્ચાં
લવારા=બકરીનાં બચ્ચાં
પાડાં=ભેંસના બચ્ચાં
ગાડરાં=ઘેટીનાં બચ્ચાં
ચારો=ઘાસ
નીરતો=નાંખતો
ખાંધે=ખભે
ખેતર=અનાજ પાકે તે જગો
ઝોક=બકરાં, ઘેટાં રાખવાનો વાડો
છાંયે=શીળે; છાંયડે

વાંસળી=વાંસમાં કાણાં પાડી બનાવેલું વાજું
પાવો=પીસવો; સિસોટી
હુંફ=ગરમી;
જતન=રક્ષણ; સંભાળ
રબારી=ઢોર ચરાવનાર
ઊંચી ગઇ=ઊડી ગઇ; દૂધ દેતી બંધ થઇ
જાળવતો=સાચવતો
વિઆય=જણે
ધણી=માલીક
સાચવણ=સંભાળ
તકરાર=વઢવાડ; રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યું=ઓળખાણ વગરનું
મોજ=મઝા; આનંદ
અભાગીઓ=કમનસીબ

પાઠ ૮.

ગોંધતો=પુરી રાખતો
ચેન=સુખ; મજા
બંધીખાનું=કેદખાનું
ચાંદની=ચંદ્રનું અજવાળું
ખેલવું=રમવું
ઠરેલ=ડાહી
નાદાન=સમજ વગરનું
સંભાળ=અરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે; ફસાશે
જક=જીદ; હઠ
લાગ=દાવ; તક
સટકી ગયું=છાનુંમાનું નાસી ગયું
ઠેકવા=કુદકા મારવા
પાદર=ગામના ઝાંપા બહારની જગા
વગડો=જંગલ; રાન
કોતર=ગુફા; બખોલ
તરાપ=કુદકો; ફાળ
બોડ=ગુફા; બખોલ
કમોતે=વગર મોતે

સાર-માબાપ, મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવું ને હઠ કરવી નહિ.

પાઠ ૯.

રિસાળ=રિસાઇ જાય એવો
સહેજ સહેજમાં=જરા જરામાં
રીસ=ગુસ્સો;
છેડો=પાર; અંત
ભાગ્યે=કદાચ
આડોશીપાડોશી=આસપાસના ઘરનાં રહેનાર
ભાઇભાંડુ=ભાઇબેન
જમણ=જમવાનું
ચીસ=બીકથી બૂમ પાડવી તે; કીકીઆરી
ટેવ=આદત
નકામો=અમથો
ઢોંગ=ફેલ
વેદના=દુઃખ
મુદ્દલ=બીલકુલ
પસ્તાયો=દીલગીર
નડે=હેરાન કરે

સાર-રીસાવાની ટેવ રાખવી નહિ.

પાઠ ૧૦.

જાળ=કરોળીઆનું પડ; જાળું; ફાંદો
ફરી ફરીને=વારે વારે
વિષે=બાબત
વણ=વગર
તૂટેલે=તૂટી ગએલે
તાંતણે=તારે
મહેનત શરૂ કરી=મહેનત કરવા માંડી
માટ=માટે
ફાવ્યો=પાર પાડયો
ભીડયો=હોંસથી મંડયો
ધીરજ=સબુરી
નીરધાર=નક્કી
ખંત=ચેતક; કાળજી
યત્ન=મહેનત
ચગદાઇ=છુંદાઇ; દબાઇ
તળે=નીચે
મોત=મરણ
તજી=દોડી
અનંત=ઘણોજ
લાભ=ફાયદો
પામે=મેળવે

સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

સમજુતી—કરોળીઓ જાળ બનાવતાં ભોંય પર પડી જાય છે, ત્યારે ગભરાય છે અને વગર તૂટેલા આખા તાર ઉપર ચઢવાને માટે ફરીથી જાય છે. (૧) કરોળીઆએ તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી, પણ તરત તે નીચે પડયો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમાં તે ફાવ્યો નહિ. (૨) એવી રીતે પડતો અને ચઢતો ફરીફરીને બે ત્રણ વાર મંડયો રહ્યો, તોપણ તેમાં ફાવ્યો નહિ, ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો. (૩) હિંમત રાખીને ઉમંગથી છઠ્ઠીવાર ચઢવાને મંડયો; તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળમાં જઇ પહોંચ્યો. (૪) જો કરોળીએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત તો પગ તળે છુંદાઇને વગર મોતે મરી જાત. (૫) એ પ્રમાણે કરોળીઆની પેઠે જો માણસો મનમાં કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો થાય. (૬)

પાઠ ૧૧.

ચકભિલ્લુ=એક જાતની રમત
કચ્છ=કાછડો; કચ્છો
ગઢ=કિલ્લો
સાથી=સોબતી

ભિલ્લુ=સાથી
વડો=મોટો
સરદાર=ઉપરી
ઘૂમી રહો=આમથી તેમ ફરી રહો
દાવમાં=લાગમાં
પેંતરા=ડગલાં; પગલાં
નજર ફેંકી=જોઇ
પૂરજોસથી=ઘણાજોસથી
ભૂલથાપ=ભૂલાવો
શાબાશ=ધન્ય
દાવ=રમત

સાર-શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી.

પાઠ ૧૨.

દૃઢ મનવાળો=પાકા વિચારવાળો
ગેડીદડા=દડો અને તેને ફેંકવાની લાકડી
ડગલું=પગલું
રંગ જામ્યો=મજા આવી
પછી તો ધૂળ=પછી કંઇ મજા પડવાની નથી
વચન=બોલ
ખાતરી=ભરોસો
સુનું=વસ્તી વગરનું
મોં ફેરવી=મોં ચઢાવી
પીડા=પંચાત; દુઃખ
મન ડગવા દીધું નહિ=મરજી મુજબ કર્યું નહિ

પાઠ ૧૩.

મધમાખી=મધ બનાવનારી માખી
કુટુંબ=વંશ; ઓલાદ
છંછેડે=હરકત કરે
ચીઠ=વાંસો
ઘાટ=આકાર
સોહામણી=શોભિતી
ભપકાદાર=રોપવાળી
કોરીને=કાણાં પાડીને
દુભવો=નારાજ કરો
નુકસાન=બગાડ
સ્વાદે=લહેજતથી
નવાઇ=અચરજ

સાર-કોઈનું ભલું કરીએ તો આપણું ભલું થાય, અને કોઈનું બુરૂં કરીએ તો આપણું બુરૂં થાય.

પાઠ ૧૪.

મોસાળ=માના બાપનું કે મામાનું ઘર
આંખ ટાઢી થઇ=સંતોષ થયો
અંગેઠી=પોંક પાડવાની ભઠ્ઠી
ઉલટભેર=હોંસથી
ઠેસ=ઠોકર
હોંસભેર=ઉમંગથી
પસ્તાયો=દીલગીર થયો
વાંક=ગુનો; તકસીર
સાજું=આખું
હરખ=આનંદ
ઉતાવળ=ઝડપ

સાર-(૧) કોઇ પણ કામ ઉતાવળથી કરવું નહિ. (૨) જેવું આપણું તેવું સામાનું સમજવું.

પાઠ ૧૫.

ઢીંગલી=નાની પુતળી
તખતો=આરસો
ઝૂટવી લીધો=એકદમ ઝડપ મારી લઇ લીધો
સરી પડયો=લપસી ગયો
બરડ=ઝટ ભાંગી જાય એવો
પછાડીએ=અફાળીએ
ખેંચતાણ=ખેંચાખેંચી
કાયર=હેરાન
પજવે=દુઃખ દે
ફુટી બદામ=ખોટી બદામ નજીવી કિંમત
સહીઅરો=બેનપણીઓ
કટ્ટા=એક બીજાની સાથે બોલવું કે રમવું નહિ તે
આપણ=આપણે
સુખચેન=મઝા
શોક=દીલગીર
લાજ=આબરૂ
ઘટે=ઓછી થાય
નિંદે=ખોટું ખોટું બોલે
બળવંત=જોરાવર
સદા=હંમેશ; નિત્ય
લેશ=જરા
કલેશ=કજીઓ
કોય=કોઇ

સાર-ભાઇબેને સંપીને ચાલવું.

સમજુતી—આપણે બંને જણુ ભાઇ અને બેન સંપીને હળીમળીને રહીએ તો સુખ થાય અને મજા પડે. પણ જો લડીએ કે કજીઓ કરીએ તો ઘણી દીલગીરી થાય આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂં બોલે. (૧) હે! જોરાવર બાપ પરમેશ્વર, તું અમને હંમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને કોઇ દિવસ જરાપણ કંકાસ થાય નહિ; ને અમારા દહાડા સુખમાં જાય. (૨) છોકરાં હળીમળીને રહેતાં હોય અને કોઇ દિવસ લડે કે રડે નહિ, તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય, તો મા ઘણી ખુશી થાય (૩)

પાઠ ૧૬.

રામચંદ્રજી=અયોધ્યામાં એક રાજા થઇ ગયા જેને હિંદુ લોકો પરમેશ્વરનો અવતાર માને છે તે
ઇચ્છા=મરજી
ગભરાટ=ગભરામણ
છેવટે=આખરે
ફેરવવા=બદલવા
ફાંફાં=ખોટી મહેનત
ગણકાર્યું=માન્યું

ડસકાં=રડતાં રડતાં આચકાં ખાવા તે
રોણ=રડવાનું તોફાન
ખીજવાયા=ગુસ્સે થયા
ગોદ=ખોળો
ધીરા=શાંત
છાના=મુંગા
પ્રધાન=વજીર
દર્પણ=આરસી
દશરથ=રામચંદ્રજીના બાપ
મહારાજા=મોટારાજા
શ્રી=સારા; શોભાયમાન

સાર–અક્કલ વાપરી યુક્તિથી કામ કરવું.

પાઠ ૧૭.

વગર વિચાર્યું=વિચાર વગરનું
જોડું=ધણી ધણિઆણી
કચરો પુંજો=કચરો વગેરે
પરવારી=નવરી થઇ
કથા=ઇશ્વર સંબંધી વાંરતા
મળતું=પેદાશ થતી
ગુજરાન=ગુજારો
છોકરાંછૈયાં=છોકરાં
પેટે=પોતાને
ઓછું આવતું=ખોટું લાગતું
પાપ=ખોટાં કામ
આધાર=આશરો
સારું=ભલું; કલ્યાણ
આંગણું=બારણા આગળની જગો
તરફડતું=તરફડીઆં મારતું
દયા=રહેમ; મહેર
ઉછેરીને=મોટું કરીને
જન્મ થયો=અવતર્યો
લોહિઆળું=લોહીવાળું
ગુસ્સો=રીસ
બેડું=ગાગર ને ઘડો
કકડા=ટુકડા
ભાંગીતૂટી=સમજાય નહિ તેવી
બોલી=બોલ
મૂર્ખ=બેવકુફ
પાપી=ચંડાળ; દુષ્ટ
અભાગણી=કમનસીબ
પુત્ર=છોકરો
જીવ=પ્રાણ
વળે=કામ આવે
જાન=જીવ

સાર–ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.

સમજુતી—જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે, જુઓ, એવાં વગર વિચારનાં કામ કરવાથી ઘણાના જીવ જાય છે. (૧)

પાઠ ૧૮.

સંદેશો=ખબર
ખોડંગતો=લંગડાતો
દુઃખી=હેરાન
મદદ=આશરો
હુંફાળું=ગરમ

પરાળ=ભાતનું ઘાસ
છાપું=ચાલતા વખતની ખબરનો છાપેલો કાગળ
છાપખાનાવાળા=છાપખાનાનો માલીક
ગોઠવણ=બંદોબસ્ત
ગાર્ડ=તપાસ રાખનાર
સરનામું=ઠેકાણું
સ્ટેશન=આગગાડી ઉભા રહેવાનું મુકરર ઠેકાણું
ખટખડાટ=અવાજ
સિસોટી=પીસવો
ડરતે;=બીતો
પંપાળી=હાથ ફેરવી
ડર=બીક
નજીક=પાસે; સોડે
ઠરાવ=કરાર; થએલી વાત
ઝપાટાબંધ=દોડતો
ખબરદાર=હોશિયાર
આઠ કલાકમાં પંદર મિનિટ બાકી= પોણા આઠ

સાર-(૧) દુઃખી પ્રાણીપર દયા રાખવી. (૨) જાનવરોને કેળવવાથી તેઓ માણસ જેવું કામ કરી શકે છે.

પાઠ ૧૯.

કોણી=હાથને વાળવાનો વચલો સાંધો
ઢીમણું=ઢીલું
માથું મારી=હિંમત હરી
છાતીવાળો=હિંમતવાન
ધરાયો=તરપત થયો
હડસેલો=ધક્કો
વેગળા=દૂર
બઝાડી=વળગાડી
પેટભરી=જોઇએ તેટલા

સાર-(૧) ગરીબ માણસને મદદ કરવી. (૨) ઇશ્વરે આપણને બળ આપ્યું હોય તો તે ગરીબ માણસને મદદ કરવામાં વાપરવું

પાઠ ૨૦.

ખલીફા=મહમદ પયગંબરના વારસ
પાદશાહ=મુસલમાન રાજા
દરબાર=રાજકચેરી
દેખાવડો=રૂપાળો
સુબો=સુબેદાર; સરદાર
નીમણુક=ગોઠવણ
હુકમ=આજ્ઞા
ખાસ=જુદો; ખાનગી
શાહજાદો=પાદશાહનો દીકરો
શાહજાદી=પાદશાહની દીકરી
ચીતરામણ=ચિત્ર
તહેનાતમાં=ખીજમતમાં; હજુરમાં
છોકરવાદી=નાદાની
કારણ=સબબ; મતલબ
નામદાર=પ્રખ્યાત; નામીચો
ફરમાવશો=હુકમ કરશો
સમજુતી=સમજણ
મોંએ ચઢેલો=વધારે

ઓળખાણને લીધે બીક વગર ગમે તેમ બોલનાર
અરજ=વિનંતિ
ફરજંદો=બચ્ચાં; છોકરાં
લાડ=વહાલ
અલ્લા=ખુદા; પરમેશ્વર
દીલગીર=નાખુશ
ઓદ્ધો=હકુમત; સત્તા
નીમ્યો=નીમણુક કરી
કઠણહૈયાનો=દયા વગરનો
રદ કરું=ફેરવી નાંખું
આરબ=અરબસ્તાનનો રહેવાસી

સાર–માણસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાય છે

પાઠ ૨૧.

આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે
લંગડો=લુલો
ઢેકાઢળીઆ=ખાડા ટેકરા
માળા=પક્ષીનાં ઘર
આસપાસ=આજુબાજુ
કોહલા=ફાડી ખાનારૂં એક જાતનું ચોપગુ જાનવર
વાઘ=ફાડી ખાનારૂં ચટાપટાવાળું જાનવર
વરૂ=કુતરા જેવું ફાડી ખાનારૂં જાનવર
ખોંખારો=અવાજ
આડે=અવળે
દુઆ=આશિષ; આશીર્વાદ
ધોરી=મોટો; સરિયામ

સાર–એક બીજાને મદદ કરવી.

પાઠ ૨૨.

પડછાયો=ઓળો
ભાગોળ=દરવાજો; દરવાજા પાસેનો બજાર
ભાગ=હિસ્સો
પાર=કિનારો
નદી=મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ બીજી નદી કે સમુદ્રને મળે છે તે
કુદકો=છલંગ
પૂલ=નદીપરથી જવા આવવા બાંધેલો રસ્તો
થાક=વિસામો; આરામ
અદેખો=બીજાનું સારૂં જોઇ બળે એવો
લોભી=લાલચુ
તરાપ=કુદકો; છલંગ
ખોળ=શોધ; તપાસ
પડાવી=ખુંચવી; છીનવી
દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી
ગુમાવ્યું=ખોયું
તાકે=ધારે; વિચારે

સાર–લોભ કરવો નહિ.

પાઠ ૨૩.

ખરીદ કર્યું=વેચાતું લીધું
સંદેહ=વહેમ; શક

હડખવા=કુતરાં; કોહલા વગેરેને એક જાતનો રોગ થાય છે તે
દરકાર=પરવા
ઠાવકું=ડાહ્યું
બચકું=ડાચું
ખામી=કસુર
છુટ્ટું મૂકી દીધું=છોડી દીધું
અભડાયો=અડકાયો
ભરોસો=વિશ્વાસ

સાર—આપણી આંખે ખરૂં દેખાયા છતાં બીજા પર ભરોસો રાખી ચાલવું નહિ.

પાઠ ૨૪.

લખોટા=મંજો
છાનોમાનો=ગુપચુપ
બગાડયું=ખરાબ કર્યું
વિન=વગર
સજા=શિક્ષા
ભૂલીશ=વીસરીશ
ચોરી=છાની રીતે બીજાની વસ્તુ લેવી તે
ચોર=છાની રીતે બીજાની વસ્તુ લેનાર

પાઠ ૨૫.

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર
ભાયડો=મરદ; પુરૂષ
શાણો=ડાહ્યો
બહાદુર=જોરાવર
ઘાવ=ઘા
ભાળે=જુએ
નીર=પાણી; જળ
તાંહી=ત્યાં
નિહાળ્યું=જોયું
માંહી=અંદર; માં
ડર્યો=બીધો
ઝૂલતાં ને સમાતાં=પાણીમાં આમતેમ ડોકયાં કરતાં અને તેની અંદર સમાઇ જતાં
સુણી=સાંભળી
સાદ=અવાજ
ભલાં=દયાળુ
દેવી=માતા
વદે=બોલે
માથું હલાવી=ડોકું ધુણાવી; ના કહી
સંપત=દોલત
મહેર=મહેરબાની; દયા
જગનાથ=જગતનો ધણી; પરમેશ્વર

સાર—પારકી વસ્તુ પર લોભાવવું નહિ.

સમજુતી—નાનો છોકરો બાપની કુહાડી લઇ જોરાવર ડાહ્યો મરદ બન્યો ને જે કંઇ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવ ઉપર ગયો. (૧) ત્યાં તળાવમાં માછલાંએ જરા પાણી હલાવ્યું તેથી છોકરાએ પાણીની અંદર કંઇક જોયું તેથી છોકરો

મનમાં બીધો અને કુહાડી પાણીમાં પડી ગઇ. તે વખતે તે બહુ ધાંટા પાડીને રડયો. (૨) હંમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યા કરતાં અને સમાઇ જતાં એવાં દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને પાણી ઉપર આવ્યાં. દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે. પણ છોકરો કહે છે કે હે ! માતા, મારી કુહાડી એવી નથી. (૩) બીજી વખત સોનાની કુહાડી લાવીને બતાવી ત્યારે માથું ધુણાવી (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી. મને તો મારી કુહાડી બહુ ગમે છે. માટે હે ! દયાળુ માજી, તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી, અને છોકરા સાથે બોલ્યાં. છોકરાને કહ્યું કે તને સુખ અને દોલત મળજો અને પરમેશ્વરની મહેરબાની થજો.

પાઠ ૨૬.

ભરપુર=ભરેલો
પૈસેટકે ખાલી=ગરીબ; પૈસા વગરનો
હાલત=દશા
ખૂટી ગયું=ઓછું થયું
ખૂબસુરત=દેખાવડો
હેત=પ્યાર: વહાલ
દેશાવર=પરદેશ
કપરા=અઘરા; સખત
લાચાર=નાચાર
મુલ=કિંમત
મુકામે=ઘેર
હૈયું ભરાઇ આવ્યું=રડવું આવ્યું
પંપાળતા=હાથ ફેરવતા
બરદાસ=ચાકરી
પરવડે=બોજે; પાલવે

સાર-દરેક માણસે પોતાના પાળેલા પ્રાણીપર ઘણોજ પ્યાર રાખવો અને જરાપણ દુઃખ દેવું નહિ.

પાઠ ૨૭.

ઝરો=પાણીનો વહેલો
ભરાવ=દેખાવ
આંખ=નજર
નારાજ=નાખુશ
બડબડવું=મનમાં બોલવું
લજવ્યું=શરમાવ્યું
શરીર=ડીલ
લલકારવું=લહેકારીને બોલવું
ચમકી=ચોંકી
પારધી=શિકારી
વટાવી=ઓળંગી
વખોડતું=ધિક્કારતું
મોહી પડયું હતું=રાજી

થયું હતું.

ફસાવી દીધું=દુઃખમાં નાંખ્યું

કેડો=પૂઠ

સાર-કોઈપણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮.

શિઆળ=શિઆળવાં

શહેર=જેમાં છોબંધ ને હારબંધ ઘરો હોય અને સારાં સારાં બજાર હોય તે

બચકાં=ડાફાં

રંગરેજ=રંગારો

જરદી=પીળો

પાસ=અસર

આંગણે=બારણે

કોઢ=પેઢી; લુહાર જે જગાએ બેસી ઘાટ ઘડે છે તે જગા

ભઠ્ઠી=મોટા ચુલો

ધગધગતા=ઘણાજ ઊના

નકલ=બીજાનું જોઇને કરવું તે; કોપી

સાર-કોઇની ખોટી નકલ કરવી નહિ.

પાઠ ૨૯.

વરો=જમણવાર; નાત

ઘી=તાવેલું માખણ

પિઅર્=બૈરીના બાપનું ઘર

મણ=૪૦ શેર

ટાંકણે=ટાણે; અવસરે

મેળાપ=મુલાકાત

ચડભડી=લડી

રડ્યું ખડ્યું=જવલ્લેજ

લેખવે=ગણે

મોંઘે ભાવે=ઘણી કિંમતે

ખપ=જરૂર; ઉપયોગ

રંક=ગરીબ [વાળા

બારેખમ=બારબોજ-

માન=આબરૂ; ઇજ્જત

સાર-બારેખમ થઇ ખુણે બેસી રહીએ, તે કરતાં બહાર પડી બધાના ઉપયોગમાં આવવું એ સારૂં છે, એમ કરવાથી વગર માગે માન મળે છે.

પાઠ ૩૦.

કુંવર=રાજાનો છોકરો

બાપકર્મી=બાપની કમાઇ ખાનાર

આપકર્મી=પોતાની કમાઇ ખાનાર

રાજપાટ=રાજગાદી

તીર્થ=પવિત્ર જગો

ધન=દોલત

ભાભી=ભાઇની વહુ

વતન=જન્મભૂમિ

ઓચીંતી=એકદમ

તરાપ=છલંગ

ઠેકાવી=ઠેકડો મરાવી

સેના=લશ્કર; ફોજ

ઉપરી=સરદાર

હિંમત=હામ

લૂણ=મીઠું; ફોજ
ફતેહ=જીત
પ્રાર્થના=માગણી
તડંગધુમ=ડંકો વગાડતાં તેમાંથી નીકળતો અવાજ
ડંકો=લડાઇનું વાજીંત્ર; નોબત
નિશાન=ધજા; વાવટા
દુશ્મન=શત્રુ
ફોજ=લશ્કર; સેના
તક=દાવ; લાગ
સરદાર=ઉપરી
નાસભાગ=નાસાનાસ
કુંવરી=રાજાની છોકરી
બહાદુરી=હોશિયારી
વરમાળ=વરને કન્યા જે માળા પહેરાવે છે તે

સાર–જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી.

પાઠ ૩૧.

દેડકો=ચોપગું જમીનપર રહેનાર પ્રાણી
ઘાસચારો=ઘાસ વગેરે
લહેર=સપાટો
તડુકતો તડુકતો=લહેકાતી ચાલે ચાલતો
ખાબોચીઉં=પાણી ભરાએલો નાનો ખાડો
જીવ=પ્રાણ
ચઢાઉ=કોઇ વખાણ કરે તેમ ચઢે તેવી
ફુલાવી=મોટું કરી
બેટા=દીકરા
બોલ=શબ્દ
મમત=જીદ; હઠ
ગજા=શકિત
ઉપરાંત=વધારે

સાર–ગજા ઉપરાંત કામ કરે તો મરે, નહિ તો માંદો પડે. માટે ગજા ઉપરાંત કામ કરવું નહિ.

પાઠ ૩૨.

ભિખારી=ભીખ માગનાર
તળાવડી=નાનું તળાવ
લપસી=ખસી; સરી
ધ્રૂજતો=કાંપતો; થરથરતો
ખાદી=જાડું લુગડું; દોટી
વાત=લાગત
મલમલ=ઝીણું સુતરાઉ કપડું
બફારો=પસીનો; પરસેવો
સાહુકાર=રૂપીઆ ધીરવાનો ધંધો કરનાર
જેમ તેમ=ગમે તેમ
બેદરકાર=બેપરવા; ગરજ વગરનો
કસ=કંસ
જાતે=પોતે

સાર–(૧) કપડાં મેલાં પહેરવાં નહિ. (૨) કપડાં ગમે તેમ પહેરવાં નહિ. (૩) કસ કે બોરીયાં છુટા ન રાખવાં. (૪) ટોપી બરાબર ઘાલવી.

પાઠ ૩૩.

બ્રાહ્મણ=હિંદુની ઉંચી જાત

ગણેલા=અનુભવ મેળવેલા
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર વણજ
જડતો=સૂઝતો; માલમ પડતો
દેશાવર=પરદેશ;બીજે દેશ
દોરીને=હાંકીને
સ્ત્રી=બૈરી
પગલાં=પગનાં તળીઆનો આકાર
અંગુડીઆ=પગને અંગુઠે પહેરવાનું ઘરેણું
જોડવાં=પગને અંગુઠે તથા તેની જોડેની આંગળીએ પહેરવાનું રૂપાનું ઘરેણું; વેઢ
નિશાની=એંધાણી
વહેળો=નાની નદી
શેલો=શીલા; પત્થર
ધોબી=લુગડાં ધોવાનો ધંધો કરનાર
ધોબણ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો
ઢુંકડું=પાસે; નજીક
છેક નજીક=ઘણુંજ પાસે
ખંતીલા=કાળજીવાળા
મેળવ્યા=પેદા કીધા

સાર-ધ્યાન રાખી જોવાની અને તે ઉપર વિચાર કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૪.

મહિમા=મોટાઇ
જગપતિ=જગતનો ધણી; પરમેશ્વર
જગ=દુનિયા
રચી=બનાવી
રચના=બનાવટ; ગોઠવણ
નવરંગી=તરેહ તરેહના રંગના
તરુપાન=ઝાડનાં પાંદડાં
પા'ડ=પહાડ
કરાડ=કરાડા; ગુફા
સિંધુ=દરીઓ; સમુદ્ર
સરિતા=નદી
ઘાટ=પહાડ કે નદી ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો
રળિઆમણી=શોભિતી
વાટ=રસ્તો
શીતળ=ઠંડો
સાર=સારી
સૂર્ય=સુરજ; રવિ
વરસાદ=મેહ; મેઘ
ઝુલતાં=લટકતાં
મધુર=કાનને સારૂં લાગે એવું; મીઠું
નાદ=અવાજ; સાદ
કળા=તેજ; અજવાળું
રંગ=શોભા
મેદાન=ખુલ્લી લાંબી પહોળી જગા; ચોગાન
તરતાં=પાણી ઉપર રહેતાં
મહીં=માં
આંખડી=આંખ
ચાવણું=ખાવાનું; ખોરાક
સાથ=સાથે
કળા=હીકમત; યુકિત

કળી શકાય નહિ=સમજી શકાય નહિ સરજી=પેદા કરી સરજનહાર=પેદા કરનાર;	પરમેશ્વર સાર-પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામાં બધી	વસ્તુઓ બનાવી છે, માટે તેનો પાઠ વાળવા દરરોજ તેની ભકિત કરવી.

સમજુતી—જગતના બનાવનાર પરમેશ્વરે આ દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે, તેણે આ દુનિયામાં નાનાં મોટાં એમ ઘણી જાતનાં જીવો બનાવ્યાં છે. (૧) તરેહવાર રંગનાં ખીલતાં ફૂલો, ગાયન ગાતાં પક્ષીઓ, અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં, તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યાં છે. (૨) પરમેશ્વરે મોટા પહાડો કરાડા, દરીઆ, નદી, પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તાની આ શોભિતી બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે, અને ઉનાળામાં સુરજનો તાપ નકકી ઘણો પડે છે. (૪) ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડો પર ફળો લટકતા દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે. વળી પાણીમાં વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે! (૭) હે પરમેશ્વર! તેં જોવાને આંખ આપી છે. સાંભળવાને કાન આપ્યા છે, અને બોલવાને જીભ આપી એ સારૂં કર્યું છે. (૮) વળી દાંત આપ્યાં સાથે ખોરાક આપીને બહુ ઉપકાર કર્યો છે; હે! પેદા કરનાર પરમેશ્વર તેં જુકિત કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯)

પાઠ ૩૫.	છાજેલ=છવાઇ રહેલી	તાડ=સૌથી ઉંચું ઝાડ
વિશાળ=લાંબા પહોળા	તંબુ=કપડાનું ઘર	કેળ=કેળાનું ઝાડ

પલ્લવ=પાંદડાં	તીતર=તીણુા રાગનું પક્ષી	ઘાટ
વનસ્પતિ=ઝાડ, છોડ, વેલા વગેરે	વિશેષ=વધારે	નવરંગ=તરેહ તરેહના રંગ
ધરી=પહેરી	બેશ=સરસ; સારી રીતે	અપાર=ઘણુંજ
સ્હોય=શોભે	કેસુડો=ખાખરના ફૂલ	મોર=આંબાનાં ફૂલ
કોયલ=કાળા રંગનું મધુર રાગનું પક્ષી	ઘોળીને=હલાવીને	કોર=બાજુ
કલોલ=મજા; આનંદ	ફુવારા=પાણી ઉંચું ઉડાડવા માટે બનાવેલો	ચાંદની=ચંદ્રમાનું અજવાળું

સમજુતી—મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભો કર્યો હોયની ! એવું દેખાય છે. તંબુપર જેમ ધજા, વાવટા ફરકતા હોય, તેમ કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ તે ધજા ને વાવટા જેવા જણુાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય તે ખરીને જમીન પર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે (વસંત ઋતુમાં ફૂટી નીકળે છે.) તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) કોયલ મધુર શબ્દ બોલે છે; તીતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાના ફૂલનો કેસુડો રંગ ઘોળીને હોળી રમે છે, એટલે રંગની એક બીજા પર પીચકારી મારે છે. બાગમાં ફુવારા ઉંડાડે છે; અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે, અને ઝાડો પર ઘણા તરેહવાર રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની શોભી રહી છે. (૫) માણસો લહેજતથી–ખુશીથી શિખંડ ખાય છે અને ઠંડું પાણી પીએ છે, પશ્ચિમ અને દક્ષિણુ તરફના પવનથી શરીર સુખી થાય છે. (૬)

(કારણ પશ્ચિમ અને દક્ષિણમાં દરીઓ હોવાથી પવન ઠંડો આવે છે.)

પાઠ ૩૬.

ટેકરો=જમીન વધીને ઉંચી થઇ હોય તે
પડછાયો=ઓળો
ઓળો=પડછાયો
પીઠ=વાંસો
ઉગમણી=પૂર્વ; સુરજ જે દિશામાં ઊગે છે તે
આથમણી=પશ્ચિમ; સુરજ જે દિશામાં આથમે છે તે
ઉત્તર દિશા=પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતાં ડાબો હાથ આવે તે દિશા
દક્ષિણ દિશા=પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતાં જમણો હાથ આવે તે દિશા.
(આકાશમાં જે તારો એકની એક જગાએ ઝીણો ઊગતો દેખાય છે તેને **ધ્રુવનો તારો** કહે છે.)

સવાલ—પૂર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી ? પડછાયો સુરજથી કઇ દિશામાં હોય ? લાંબામાં લાંબો અને ટુંકામાં ટુંકો પડછાયો ક્યારે હોય ? ઉત્તર દિશા શી રીતે જાણવી ? દહાડે દિશાઓ શા ઉપરથી જાણી શકાય ? રાત્રે દિશા શા ઉપરથી જાણી શકાય ? સામસામી દિશાઓ ગણાવો.

પાઠ: ૩૭.

એસતુ=વર્ષ કારતક સુદ ૧
દાંડી=પંખાની હાથમાં પકડવા :લાકડી
માપ=ભરતર
મથાળે=ટોચે
ફુટ=બાર ઇંચ; અડધો ગજ
લંબાઇ=લાંબાપણું
પહોળાઇ=પહોળાપણું
ઇંચ=તસુ; સવાકા જેટલી જગા
મધ્યમાં=વચમાં
પગથીઉં=નાની ઓસરી
થોર=થુવેરીઆ
કરા=ભીંત; દિવાલ

સવાલ—નકશામાં ઉત્તર દિશા ક્યાં હોય છે ? નકશામાં નીચે કઇ દિશા હોય છે.? ઉત્તરની સામે કઇ દિશા ? પૂર્વ ને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી ? નિશાળનો નકશો શી રીતે કાઢશો ?

પાઠ ૩૮.

ધોરી=સરિયામ
આગગાડી=વરાળથી ચાલતી ગાડી
નિશાન=એંધાણ
સમજ=સમજણ; ભાન
ખેતર=અનાજ પાકે છે તે જગા
ગોચર=ગાયને ચરવાની જગા

સવાલ—રસ્તો બતાવવાને એવડી લીટી શા માટે દોરવી? નદી કેવી જમીન તરફ વહે?

પાઠ ૩૯.

વગડામાં=ઉજ્જડ જગામાં
પોપડો=ઢોરને ચરવાની જગા; ચરો; બીડ
આંબાવાડી = આંબાના ઝાડ ઘણાં હોય એવી વાડી
નિચાણ=ઢળતી જગા
દહેરૂં=દેવળ
કાંઠે=કિનારે
ભાઠું=કાંઠા પરની ખેડવા લાયક જગા
વહેણ=રેલો; પ્રવાહ
ચાલાક=ચંચળ
પાર=કાંઠો; કિનારો
પાળ=કોરણ
ડાંગર=ભાત
ઈશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા
સુગમ=સહેલું

સવાલ—પવન કઇ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કહ્યું? ટાઢો પવન લાગવાનું કારણ શું? તળાવ કોને કહેવું? નદીને કેટલા કાંઠા હોય અને તે કયા કયા? જમણો અને ડાબો કાંઠો શી રીતે જાણી શકાય? નદી શા કામમાં આવે? ખુણા કેટલા છે અને તે કયા કયા? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ?

પાઠ ૪૦.

વાળુ=રાતનું જમવાનું
ગમ્યું=ગોઠયું
ચોરો=સરકારી ઉતારાનું મકાન
મુખી=પટેલ; ગામનો ઉપરી
ગંધ=ખરાબ વાસ
બંદોબસ્ત=ગોઠવણ
હવાલદાર = પટેલના તાબાનો સિપાઈ
મામલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર; પટેલ તલાટીનો ઉપરી
ભરણું=પટેલ તલાટીએ

ખેડુત પાસેથી રૂપીઆ વસુલ કર્યા હોય તે
તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર
રાવણીઓ=વરતણીઓ
તાલુકો = ઘણાં ગામ મળીને થયેલો તે
તાલુકે=મુખ્ય કચેરીએ
હુંડી=રૂપીઆ મળવાનો કાગળ; મનીઓર્ડર
માસ્તર સાહેબ=પોસ્ટ માસ્તર
ટપાલી=કાગળ વહેંચનાર
ગેરહાજર=હાજર નહિ તે
માંદો=બિમાર; રોગી
દાક્તર=અંગ્રેજી દવા જાણનાર

સવાલ—ચોરો એટલે શું? મુખી, તલાટી, પોસ્ટ માસ્તર, દાક્તર એ દરેકનાં કામ સમજાવો.

પાઠ ૪૧.

સોનેરી=સોનાના રંગ જેવો પીળો
ખેડુત=ખેતી કરનાર
હળ=જમીન ખેડવાનું ઓજાર
અંગારા=સળગતા કોયલા
ચળકતો=ઝળકતો
દાતણપાણી=દાંત સાફ કરવા તથા મોઢું ધોવું તે
ઝાડીને=ઝપટીને
ખોરાક=ખાવાની વસ્તુ
તાજી=તરતની
લહેર=સપાટા
ધંધો=રોજગાર; વેપાર
જન=માણસ
નમતો=આથમતો
ઘોંઘાટ=અવાજ

સવાલ—સુરજ ઊગતાં પહેલાં પૂર્વ દિશામાં વાદળ અને વાદળાંની કોરો કેવી જણાય છે? અજવાળું, શેમાંથી આવે છે? સવાર થઇ શાથી જણાય છે? સવારમાં માણુસ, પશુ, પક્ષી શું કરે છે? છોકરાઓએ પાઠ કયારે કરવો જોઇએ? સાંજ પડી કયારે કહેવાય? સુરજ ઊગતાં પહેલાં અને આથમ્યા પછી થોડું અજવાળું રહે છે તેને શું કહે છે? (જ. ઝળઝળીઉં) સાંજના દેખાવની વાત કહો.

પાઠ ૪૨.

વાતો=ફુંકાતો
જોરથી=ઝડપથી
ઠરી જાય છે=ઠંડા પડી જાય છે
ટિકિટ=દાખલ થવાની ચિઠ્ઠી

મુંગળાઇ=અકળાઇ	ભરવાડ=ઘેટાં, બકરાં ચરાવનાર	વાદળાં=વરાળનો જથો
ઝપાટો=સપાટો	ઘસડી=ખેંચી	**સાર—હવા વગર પ્રાણી જીવી શકે નહિ. માટે દયાળુ પરમેશ્વરે તે બધે ઠેકાણે ભરી રાખી છે.**
તોફાન=પવનનું બહુ જોરથી વાવું તે	ધાન્ય=અનાજ	
ઉથલી=ગબડી; ફેરવાઇ	વહાણો=મોટી હોડીઓ	
મૂળમાંથી=જડમાંથી	અકળામણ=ગભરામણ	

સવાલ—હવા કયાં કયાં હોય છે? બધેજ હવા છે એ સાબીત કરી બતાવો. હવાની જરૂર કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનું તોફાન કયારે થાય? પવનથી થતા ફાયદા ગેરફાયદા ગણાવો.

પાઠ ૪૩.

દુ:ખ=વિટંમણા	નિર્દય=દયા વગરનો	તળીઉં=નીચેનો ભાગ
ચુરો=ભુકો	કઠણ=સખત	જંતુ=ઝીણાં જીવડાં
કણ=રજકણ	ગાંગડો=ગટ્ટો	વેહ=છિદ્ર
જુદા=જુદા	ઝાંખો=તેજ વગરનો	થર=પડ
અક્ષરો=હરફો; દસ્કતો	કહાણી=કહેતી; કહેવત	ચાંચવો=જમીન ખોદવાનું ઓજાર; તીકમ
પીગળતો=રસ થતો	જન્મ=પેદાશ	હકીકત=વાત
	દરીઓ=સાગર; સમુદ્ર	

સવાલ—ચાકનો કેમ સહેલાઇથી ભુકો થઇ શકે છે? ચાક પોચો છે તેથી શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને છે? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ? પાણીમાં ઓગળે એવા પદાર્થનાં નામ દો. જે પદાર્થ પાણીમાં ઓગળી જાય તે પદાર્થ કેવા કહેવાય? (જ. દ્રાવ્ય.) નહિ ઓગળે તે કેવા કહેવાય? (જ. અદ્રાવ્ય.) ચાકમાં કયો ગુણ છે જેથી તે પાણી ચૂસે છે? (જ. છિદ્રાળુ.)

બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે? છિદ્રાળુ પદાર્થના નામ દો. ચાક દેવતામાં પીગળી જાય કે નહિ? દેવતામાં પીગળે એવાં પદાર્થનાં નામ દો. ઓગળવું અને પીગળવું એમાં ફેર શું? ચાકને ભોંય પર પછાડીએ તો શું થાય? ચાકમાં કયો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાંગી જાય છે? (જ. બરડ.) બરડ ગુણવાળી ચીજોનાં નામ દો. ચાક શી રીતે બને છે? જે પદાર્થ જમીનમાંથી નીકળે તે કેવા કહેવાય? (જ. ખનીજ.) ખનીજ પદાર્થનાં નામ દો. ચાકનો ઉપયોગ તથા ગુણ કહો.

પાઠ ૪૪.	ગાળીને=રસ કરીને	ખાટી=ખટાશવાળી
ટીપે=ઘડે	કાતર=કાપવાનું ઓજાર	ઝેરી=ઝેરવાળો
પતરાં=ધાતુને ટીપીને અથવા રસ કરી લાંબા ચોડા બનાવે છે તે	ચંબુ=શિરોઇ	સિક્કા=ચલણી નાણું
	નાળચાં=નળી	ટંકશાળ=સિક્કા પાડવાની જગા
	કથરોટ=મોટી થાળી	

સવાલ—તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનારને શું કહે છે? સુથાર, કુંભાર, લુહાર, સોની, શેના ઘાટ બનાવે છે? તાંબું ક્યાંથી નીકળે? એ કેવો પદાર્થ કહેવાય? તાંબાના ગુણ કહો. તાંબાના કયાં કયાં વાસણો બને છે? તમારા ઘરમાં તાંબાનાં જે જે વાસણો હોય તે ગણાવો. તાંબાના કાટને શું કહે છે? તેનો રંગ કેવો હોય છે? તે ખાવામાં આવે તો શું થાય? તાંબા પર કાટ શી શી રીતે ચઢે છે? તાંબાના વાસણ પર કાટ ન ચઢે માટે શું કરે છે? કલાઇનો રંગ કેવો હોય છે? તાંબાના કયા કયા સિક્કા બને છે? ટંકશાળ એટલે શું? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે?

પાઠ ૪૫.	વગેરે કાઢવા માટે ખોદેલો ખાડો	ઇનામ=ખૂશ થઇ આપવું તે; ભેટ
ખાણ=જમીનમાંથી ધાતુ		

મેળવણી=મેગ
ઓગળીને=રસ થઇને
મજાગરા=બડવાં; જેના વડે બારણું ઉઘાડ દેવાય થાય તે
તાસકો=ઢાંકણાં
પવાલી=લાંબું પીપ
શિરોઇ=સાંકડા મોઢાનું વાસણ; ચંબુ
કાટ=કીટ
કલાઇ=ઝાંખા સફેદ રંગની ધાતુ
માંજેલા=ઘસીને સાફ કરેલાં
સસ્તું=સોંઘું

સવાલ—ધાતુમાં કયા કયા ગુણ હોય છે? ધાતુઓ કયાંથી નીકળે છે? ધાતુ એ કેવો પદાર્થ કહેવાય? પિત્તળ શી રીતે બનાવે? પિત્તળનો રંગ કેવો હોય છે? જસતનો રંગ કેવો હોય છે? તાંબુ ને પિત્તળ એમાં કઠણ કોણ? શા માટે પિત્તળ વધારે કઠણ? પિત્તળનું શું શું બને છે? તમારા ઘરમાં પિત્તળનાં વાસણ હોય તેનાં નામ દો. પિત્તળ ઉપર કાટ ચઢે છે કે નહિ? પિત્તળનાં વાસણને કલાઇ કરાવવાનું કારણ શું? તાંબુ અને પિત્તળ એમાં જલદી કોણ કટાય? ઝાંખું કયું વહેલું પડે? તાંબા અને પિત્તળનો શેરનો ભાવ કહો.

પાઠ ૪૬.

ઘાસનું બજાર=ઘાસની પીઠ
ચરો=પોપડા; ઘાસ ઊગવાની જગા; બીડ
કુમળું=નરમ
છાવામાં=ઢાંકવામાં
વણીને=વળ દઇને
મુળીઆં=મૂળ
ધાર=અણી
દાભ=દરભ
ઝીંઝવો=એક જાતનુંઘાસ
ચરાઉ=ચરનારા
ગંજી=ઘાસના ઢગલા
ગડી=ગાંઠ
સુગંધ=સારી વાસ
મોથ=સુગંધીદાર ઘાસ
ખુજલી=ખસ
ધુપેલ=માથામાં ઘાલવાનું સુગંધીદાર તેલ
અત્તર=સુગંધીદાર વસ્તુનો કસ
દરો=એક જાતનું ઘાસ; ધરો
જડ=મૂળ
ફરી ફરીને=વારે વારે
ઉપલાણે=ઉપરના ભાગમાં
વાટ=રસ્તો
ચમરી=છોડ ઉપરની

પાંખડી
સુંવાળી=લીસી
વાસ=સોડમ
સુપડા=ઝાડકવાને વાંસની ચીપ કે ઘાસનું બનાવે છે તે.
પડા=જુડા
કૂટીને=છુંદીને
મૂંજ=સરકટની પાંદડીને પલાળી કુટેલી તે
ખાટલા=ઢોલીઆ

સવાલ—જે ખેતરમાં દાભ ઊગે તે ખેતર શા કારણથી નકામું થઇ જાય છે? દાભના મુળીઆં કેવાં હોય? પાંદડીની કોર કેવી હોય છે? કુમળું દાભ શું કામમાં આવે છે? પાકટ થાય શું કામ આવે? દાભ શું કામમાં આવે છે? ઝીંઝવો શું કામમાં આવે છે ને કયાં ઊગે છે? એના મુળીઆ પર શું થાય? એ ગડીને શું કહે છે? મોથ શા શા કામમાં આવે છે? દરો કાઢી નાખવા છતાં ફરીથી કેમ ઊગી નીકળે છે? સરકટ કયાં થાય? સરકટ જનાવરના ખાવામાં આવે છે કે નહિ? નહિ આવવાનું કારણ શું? સરકટની સળીઓ સુકાયા પછી શા શા કામમાં આવે? એની પાંદડીને કૂટીને પલાળે તેને શું કહે છે? મૂંજ શા કામમાં આવે છે? કયા કયા ઘાસ ખાટલા ભરવાના કામમાં આવે છે.

પાઠ ૪૭.

વાવવા=રોપવા
સાંઠો=જુવાર વગેરેનો લાંબો દાંડો
પરાળ=ભાતનું ઘાસ
ગાંઠ=ગડી
સળંગ=આખી
પેર=પેરીઉં
ગુચ્છો=ગુંચળું; જથો
નજર કરો=ધ્યાન આપો
બી=બીઆં
ખાતર=ઘાસ, છાણ વગેરે કોહી ગએલો કચરો
પૂરીને=નાખીને
ભીલ=વગડામાં રહેનાર જાત
નાગલી=બાવટો
સામો=એક જાતના ઘાસનું બી
થેક=ચીઢા કે ડુંગળાનાં મૂળની ગાંઠો
ઢેબરાં=મીઠું, મરચું નાંખી જુવાર બાજરીના કરેલા રોટલા
ખસલી=એક જાતનું ઘાસ
કડબ=જુવારનો સુકો સાંઠો

રાતડીઓ=રાતી જુવાર | **બીડ**=ઘાસ ઊગવાની જમીન; ચરો

સવાલ—બાજરી, જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો. આપણે અનાજ ખાઇએ છીએ તે શું છે? ઘાસનું બી નાનું અને અનાજનું મોટું હોવાનું કારણ શું છે? મહીકાંઠો કયાં આવ્યો? મહીકાંઠાના ભીલ લોક કયું કયું અનાજ ખાય છે?

પાઠ ૪૮.

સખત=ખડુ
એક સામટું=સાથે લાગુ
ભાણ=સુરજ; સૂર્ય
કાણો=ગુવાર, અડદ વગેરે
કોઢ=ઢોર બાંધવાની જગા
નીરું છું=નાંખું છું
છાશ=દહીંમાં પાણી નાંખી વલોવી બનાવે છે તે
કૌવત=જોર
ચવડું=હળના નીચેના ભાગમાં કોશની સાથેનું અણીવાળું લાકડું
આળસુ=સુસ્ત
સડ=હળમાંનો વચમાંનો લાંબો સોટો; અહાલ
ચાસ=ખેતરમાં હળે કરી પાડેલા આડા ઉભા લિસોટા
હળપુણી=હળમાં લોઢાની કોસ હોય છે તે
ધુસરી=બળદની ખાંધે રહે છે તે લાકડું
છડો=હળને છેડે પકડવાને ખીલી જેવું હોય છે તે; હલેડી
તાત=બાપ
નીપજાવે=પકવે
અન્ન=અનાજ
ધરે=પહેરે
સહે=ખમે; વેઠે
લઠ્ઠ=જબરો
ઉત્તમ=સૌથી સારી
પર=પારકો
ઉપકારી=આભારી
દીએ=આપે
શીખ=શિખામણ
ખંત=કાળજી

સાર—કહેવત છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નફ્ફટ નોકરી, નિદાન ભીખ એટલું ન આવડે તો કલાલી કે વૈદુ શીખ." એ પરથી ખેડુત જગતનો તાત ગણાય એટલે જેવી રીતે બાપ છોકરાનું પોષણ કરે છે, તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનું પોષણ કરે છે. ખેતીને ઉત્તમ કહેવાનું કારણ એ કે એ ધંધો અનાજ જેવી જીવનને ઘણી કામની વસ્તુ નીપજાવી દુનિયાને જીવાડે છે.

હળની હકીકત—હળના મુખ્ય બે ભાગ છે. હળના પાછલા ભાગને તુંગું અને આગલા ભાગને સડ કહે છે, સડની લંબાઇ ૧૦ ફુટ અને તુંગાની લંબાઇ ૪ ફુટ હોય છે, જાડા ભાગમાં સડનો છેડો ઘાલે છે. તુંગામાં હળપુણી, ચવડું અને કસવાળો હોય છે. હળપુણી લોઢાની હોય છે, ને તે નીચેને છેડે ચવડાની ઉપર રહે છે. ચવડું પણ અણીદારને ત્રણ પાસાવાળું હોય છે. સડને બીજે છેડે ખીલો હોય છે, તેને સગન (સંબંધીઓ) કહે છે, તેને ધુંસરૂં બાંધે છે, ધુંસરૂં બળદની ખાંધપર મૂકે છે, ધુંસરૂં બળદની ખાંધ ઉપરથી ખસી ન જાય માટે ધુંસરાને બંને છેડે લાકડાની સમોલ હોય છે, તે બળદની ડોકે જોતરથી બાંધે છે હળપુણી જલદી ઘસાઇ કે ભાંગી ન જાય માટે લોઢાની કરે છે. તુંગાના ઉપરના ભાગમાં મુઠ્ઠીમાં આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય તેને છડો કહે છે. હળ હાંકતી વખતે ખેડુત છડાપર ભાર દે છે, તેથી હળપુણી ભોંયમાં ઉતરે છે, અને જમીન ખોદાઇને પોચી થાય છે ને ચાસ પડે છે.

સવાલ—હળનું ડ્રોઇંગ પાડી તેના દરેક ભાગ પર નામ લખો. હળના દરેક ભાગનો ઉપયોગ સમજાવો.

સમજુતી—અરે ! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાયો છે કારણ કે તું ખેતી કરે છે, તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે. આં આખી દુનિયાનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) કપાસ, ફળ, ફૂલ ઘાસ અને અનાજ પકવે છે, તોજ બધા પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. (૨) તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે. તેથી તું શરીરે જબરો બને છે, અને હંમેશાં સંતોષથી ફરે છે, એટલે

સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો.

પાઠ ૪૯.	ક્યારડા=ક્યારા	ભરડીને=ભચડીને
પાળ=કોરણ	ધરૂ=કુમળા છોડ; તરૂ	છોડા=છોતરાં
લીલાંછમ=ઘણાંજ લીલાં	ઝીલવો=ખમવો	

સવાલ—ડાંગર શી રીતે વાવે છે? ધરૂ એટલે શું? ડાંગર ક્યારામાં શા માટે રોપે છે? ડાંગરના છોડ પાકે ત્યારે કેવા રંગના થાય છે? ડાંગર પાકયા પછી શું શું કરે ત્યારે ચોખા થાય છે?

પાઠ ૫૦.	વેંત=બિલ્લસ	શિઆળવાં=શિઆળ
કોલુ=શેરડીનો રસ કાઢવાનો સંચો	આંખ=કળી	સંભાળ=તપાસ
પડછા=પાંતરાં	પીત=પાણીથી થતું કરસણ શાક વગેરે	પાકટ=પાકી
રસ=કસ	તરકારી=શાક	તાવડો=મોટો પેણો
સંબંધી=વિષે; બાબત	માસ=મહીના	છારી=પડ
પેર=ગંદેરી	ડુક્કર=ભુંડ	

સવાલ—શેરડી શી રીતે રોપે છે? શેરડીની આંખ બતાવો. કોલુ એટલે શું? કોલુ શેનું બને છે? શેરડીમાંથી રસ શી રીતે કાઢે છે? રસનો ગોળ શી રીતે બનાવે છે?

પાઠ ૫૧.	ધીમા=શાંત	સારા=સાજા
તકરાર=વઢવાડ; ટકઝક	ઉજળો=સફેદ	લોટ=આટો
વઢવા=લડવા	ભાવ=હોંસ	કણક=રોટલી કરવા માટે

બાંધેલો લોટ	નકામો=ફોગટ	ઉપયોગ=જરૂર
જોર=શકિત	હિસાબ=ગણતરી	પૈસાદાર=તાલેવંત

સવાલ—માંદા અને દાંત વગરના માણુસને કયો ખોરાક વધારે ઉપયોગી છે અને તેનું કારણ શું? ભાત શી રીતે બનાવે છે? રોટલી શેની બનાવે છે? ઘઉંની રોટલી શી રીતે બનાવે છે? ગરીબ માણુસો ઘઉં કેમ ખાતા નથી?

પાઠ પર.	નર=પુરૂષ	તત્કાળ=તરત
મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો	છ ખુણાવાળા=છ ખુણાનાં આકારના	ચૂસી=શોષી
		સડ=થાય
લટકતો=ટિંગાતો	જન્મ=જિંદગી; અવતાર	ગુણ=ફાયદો; લાભ
વાઘરી=શિકારી	રક્ષણ=બચાવ	તમામ=બધું
કામળો=ઊનનું લુગડું	ડંખ=ચટકો	તજે=છોડી દે
ધુણી=ધુમાતો દેવતા; સળગતાં છાણાં વગેરે	પેસવા=દાખલ થવા	ઉદ્યોગી=મહેનતુ
	દયા=રહેમ	પંકાય=વખણાય
ઘરબાર વગરનાં=રખડતાં	હુન્નર=કસબ; કારીગીરી	**સાર**—માણસે ઉદ્યોગી અને હુન્નરી થવું.
પારકો=પરાયો; બીજાનો	નિશાળ=શીખવાનું ઠેકાણું	
ચીજ=વસ્તુ	મનોહર=મોહ પમાડનાર	
ઇચ્છા=મરજી	રચે=બનાવે	

સમજુતી—હે! મધમાખી તું મહેનતુ છે અને વળી કારીગરીની નિશાળ છે, (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના ખાના જેવી કારીગરી માણુસથી પણ બરાબર થઇ શકે નહિ) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે, અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચૂસી લઇને મીણ બનાવે છે, તેથી એટલે મધ અને

મીણથી ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ ઘણું મોટું ઉપયોગી કામ કરતું જણાય છે. વળી તું ડાહી ને ચોકખી દેખાય છે અને જરાપણ આળસ કરતી નથી. (૩) કીડી, કરોળીઆ, અને મંકોડા, વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે, તેમાં પણ તુંજ વખણાય છે. મતલબ કે એ બધા જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે. (૪)

સવાલ—મધપુડો કોણ બનાવે છે અને તે કયાં કયાં બાંધે છે? મધ કયાંથી લાવે છે? મીણ શેમાંથી બનાવે છે? મધપુડામાં કેટલી જાતની માખીઓ હોય છે અને તે કઈ કઈ? રાણીનું કામ શું છે? મધપુડાનાં ખાનાં કેટલાં ખુણાવાળાં હોય છે? ખાનાં કેટલી જાતનાં હોય છે? ઈંડા કયા ખાનામાં મૂકે છે? અને તે કોણ મૂકે છે? મોટા ખાનામાં કયાં ઈંડાં મુકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર હોય છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને માખીમાં શો ફેર હોય છે? નરને મારી નાખવાનું કારણ શું? મધ અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી?

પાઠ ૫૩.

શેખ=મુસલમાનની એક જાત

બતક=પાણીવાળી જગામાં રહેનારૂં પક્ષી

પીછ=પીછાં

ચીકટ=ચિકાશ

ભિંજાતું=પલળતું

નબળું=કમજોર

જોડાએલાં=સંધાયેલાં

દાઢ=એવડા દાંત

અણીદાર=તીણા

ગળી જાય છે=આખું ઉતારી દે છે

જાળવે=સાચવે; સંભાળે

ઢાંકી=છુપાવી

બીકણ=બીએ એવો

ધસીને દોડે છે=હુમલો કરે છે

માંજર=કલગી

દીપે છે=શોભે છે

ખોતરવાની=ખોદવાની

વહાણું વાય=સવાર થાય ત્યાર-મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમ- જાય છે!

સવાલ—બતક કેવી જગામાં રહે છે? બતકનું શરીર કેમ ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે? બતકને પાંખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી? બતકને કેટલા પગ હોય છે? દરેક પગે કેટલા આંગળાં હોય છે અને ક્યાં હોય છે? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય? મરઘાં શા માટે પાળતા હશે? મરઘાં કોણ પાળે છે? મરઘો કયારે કયારે બોલે છે ને શું બોલે છે?

પાઠ ૫૪.

કાબરી=કાબરચીતરી
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લેતાં રહે છે તે
તણખલાં=તરણાં
માળો=પક્ષીનું ઘર
ખુણેખોચરે=ખુણામાં
દરેક ફેરે=દરેક વખતે
ભુરા=આસમાની
ટપકાં=છાંટ
લગી=સુધી
રઝળીને=રખડીને
ફાયદો=ગુણ
વીણીવીણીને=શોધી શોધીને
બો=બીક; ડર

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે? ચકલી કેવા કેવા રંગની હોય છે? ચકલીને એક એક પગે કેટલાં આગળાં હોય છે અને કેવી રીતે હોય છે? ચકલી ક્યાં રહે છે? માળા શેના બનાવે છે? ચકલી વરસમાં કેટલીવાર ઈંડાં મૂકે છે? બચ્ચાંને ક્યાં સુધી ખવડાવે છે? ચકલી શું શું ખાય છે? ચકલી દરેક ફેરે કેટકેટલાં ઈંડાં મૂકે છે? ઈંડાનો રંગ કેવો હોય છે? ચકલી ખેડુતને

શો ફાયદો કરે છે અને તે કેવી રીતે? ચકલીને કોની કોની બીક હોય છે? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની કહો.

પાઠ ૫૫.

દેખાવ=શોભા
ગરદન=બોચી
કેશવાળી=ઘોડાની ગરદન પરના વાળ
નફર=સંગીન
સપાટ=સરખી
લગામ=દોર
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
ભુસું=થુલું
દાણા=અનાજ
મજલ=મુસાફરી; સફર
પાણીદાર=જોરવાળી; ઝડપથી દોડનાર
અરબી=અરબસ્તાની
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર; ધણીનું ભલું ચાહનાર
ધણી=માલીક
પ્રીતિ==હેત; પ્યાર
શરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવે=ફલંગ ભરાવે
જીન=ચામડાનું પલાણ
સવારી કરે છે=મુસાફરી કરે છે

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે? કેશવાળી કોને કહે છે? ઘોડા સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું? એના કાન કેવા હોય છે? લગામ કયાં ઘાલે છે? કયાં દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે? ઘોડો શું શું ખાય છે? નાળ શા માટે જડાવે છે? ઘોડાનો રંગ કેવો કેવો હોય છે? ઘોડાની કઇ કઇ જાતો છે? ઘોડામાં કયા કયા ગુણ છે(ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે?

પાઠ ૫૬.

નાળબંધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ફેર=તફાવત; ફરક
ઝુમખો=જથો
ખોંખારે=હણહણે
ભુકવું=ગધેડાનું બોલવું
અડીઅલ=અડી જાય એવું; હઠીલું
ઠોઠ=અક્કલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર

કહ્યાગરૂં=કહ્યા પ્રમાણે ચાલનારૂં
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થયેલો તે
વાળ=નિમાળા બાલ

હકિકત—ઘોડા, ખચ્ચર અને ગધેડાનો મુકાબલો—ત્રણેને બે આંખ, બે કાન, ડોકું, મોં, માથું, પીઠ, પુછડું, અને ચાર પગ હોય છે. ત્રણેનું મોં લાંબુ હોય છે, ત્રણેના શરીર પર ટુંકા વાળ છે. પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડા અને ખચ્ચરના ડોકપર કેશવાળી હોય છે. ઘોડા અને ખચ્ચરના પુછડાપર મોટા લાંબા વાળ આખે પુછડે હોય છે. ઘોડા અને ખચ્ચર કરતાં ગધેડાના કાન મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોય છે.

પાઠ ૫૭.

ગોકળ ગાય=પરમેશ્વરની ગાય.
વાનાં=વસ્તુ
ધડ=ઓચીથી પગ સુધીનો ભાગ
ડોકું=ધડની ઉપરનો ભાગ
તાળવું=મોઢાની અંદરનો ઉપલો ભાગ
ભવાં=ભમર; આંખ ઉપરના કમાનદાર વાળ
પોપચું=આંખનું ઢાંકણ
ખાળે=અટકાવે
છેડો=નાકું
મૂળ=શરૂઆત
ગળું=ઓચીની પછવાડેનો ભાગ
વચલેગાળે=વચ્ચોવચ્ચ
કેડ=કંમર
ઢીંચણ=ઘુંટણ

હકિકત—શરીરમાં ડોકું ને ધડ બે છે. ડોકામાં માથું, તે પર ખોપરી ને વાળ છે. કપાળ, લમણાં; કાન, આંખ, નાક, મોઢું, (તેમાં જીભ, દાંત, તાળવું છે.) ગાલ, ગળું, ઓચી, દાઢી, અને હડપચી છે. ધડમાં હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢુ, કેડ, વાંસો, પગ, જાંઘ, ઢીંચણ, નળો, પાટલી, તળીઉં, એડી અને ઘુંટી છે.

પાઠ ૫૮.

ઇંદ્રિય=જે વડે શારિરીક જ્ઞાન થાય તે
ફીકર=ચિંતા
ધબાકા=અવાજો
જ્ઞાન=સમજ

સવાલ—ઇંદ્રિયો કોને કહેવી? ઇંદ્રિયો કેટલી, ને તે કઇ કઇ? આંખ, કાન, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જણાય? જ. રંગ, આકાર અને ચળકાટ.) હાથવડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? (જ. ભારે કે હલકું; પોચું કે કઠણ; લીસું કે ખરબચડું; ટાઢું કે ઉનું; ને આકાર) નાક, કાન અને જીભ વડે પદાર્થના કયા કયા ગુણ જણાય? (જ. નાક વડે વાસ; કાન વડે અવાજ કે રણકો; અને જીભ વડે સ્વાદ.

પાઠ ૫૯.

રંગરેજ=રંગારો
છુટ્ટી=રજા
મૂળ રંગ=લાલ, પીળો અને વાદળી રંગ
ઝાંખા=તેજ વગરના
સેલા=દુપટ્ટા
સાલ્લો=બાયડીને પહેરવાનું સુતરાઉ લુગડું
ગળીનો રંગ=કાળો રંગ
વત્તા=વધારે
ખુલતા=બહાર પડતા

સવાલ—રંગરેજ શું કામ કરે છે? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવાની રીત કહો. કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે? કેસરીઓ રંગ શી રીતે બનાવશો? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું? લીલો, નારંગી, તપખીરીઓ અને કત્થાઇ રંગ શી રીતે બનાવશો? ધોળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને? ઝાંખો ભુરો રંગ શી રીતે બને? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી શું શું મેળવીને બનાવે છે? મૂળ રંગથી બીજા રંગો કેવી રીતે બનાવે છે?


પાઠ ૬૦.

ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યા વગરનો
કાંતીને=તાર કાઢીને
દોશીવાણીઓ=કાપડીઓ
છીંટ=તરેહવાળું કપડું
જંગલી=વગર સમજના
છાલ=છોડું
રંગદાર=રંગવાળું
ઢાંકણુ=કવર
રૂવાટી=ઝીણા વાળ
ગરજ સારે=કામ કરે
ભોંગળું=જાડાં પડ
જામદાની=ઝીણું [illegible]

દાર લુગડું | બાસ્તો=સુતરાઉ કપડું |

સવાલ—લુગડાં પહેરવાથી શો ફાયદો ! ઊન એટલે શું ! ઊનનું ક્યું કપડાં બને છે ? ઘેટાંને ટાઢ કેમ વાતી નથી ? ઊન સિવાય; બીજાં શેનાં કાપડ બને છે ? રૂ ક્યાં થાય છે ! જંગલી લોકો ઊન અને રૂનાં લુગડાં પહેરતાં નથી ત્યારે કેવાં કેવાં લુગડાં પહેરે છે ! પશુ, પક્ષીને લુગડાં પહેરવાની–પહેરાવવાની જરૂર શા માટે પડતી નથી !

ભુગોળની શરૂઆત.



દિશા—(સ. ૧) દિશા કેટલી છે ? જ. ચાર. (સ. ૨) દિશાના નામ દો. જ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. (સ. ૩) દિશા શા ઉપરથી જાણી શકશો ? જ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો. જ. જે દિશામાં સુરજ ઊગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની ઉત્તર, અને જમણા હાથ તરફની દક્ષિણ. (સ. ૫) રાતે શા વડે દિશા પારખશો ! જ. ધ્રુવના તારા ઉપરથી (સ. ૬) ધ્રુવના તારા પરથી દિશા જાણવાની રીત બોલો. જ. ધ્રુવનો તારો હમેશાં ઉત્તર દિશામાં ઊગે છે માટે જે

તારા તરફની ઉત્તર, સામેની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું કયું સાધન છે? જ. હોકાયંત્ર (સ. ૮) હોકાયંત્રપરથી કઇ દિશા જાણી શકાય? જ. ઉત્તર (એની સોય હંમેશાં ઉત્તર દિશા પર રહે છે) (સ. ૯) દિશા જાણવાથી શું ફાયદો? જ. ફલાણી જગાથી ફલાણી જગા કઇ દિશાએ, અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે, તે માલમ પડે. (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી? જ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફથી ઉત્તર, પગ તરફની દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફનીપશ્ચિમ.

ખુણા (સ. ૧) ખુણા કેટલા છે? જ. ચાર. (સ. ૨) ખુણાનાં નામ બોલો. જ. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઈશાન. (સ. ૩) ખુણા પારખવાની રીત બોલો. જ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋત્ય, પશ્ચિમ અને ઉત્તર વચ્ચે વાયવ્ય, ઉત્તર અને પૂર્વ વચ્ચે ઇશાન.

મહેસુલી ખાતું (સ. ૧) મહેસુલી ખાતું શું કામ કરે છે? જ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. (સ. ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે? જ. તલાટી. (સ. ૩) તલાટીને મદદ કરનાર કોણ હોય છે? જ. મુખી. (સ. ૪) તલાટીના ઉપરીને શું કહે છે? જ. મામલતદાર. (સ. ૫) મામલતદાર માજિસ્ટ્રેટ ક્યારે કહેવાય? જ. ઇન્સાફનું કામ કરે ત્યારે. (સ. ૬) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે? જ. આસિસ્ટંટ કલેકટર કે ડેપ્યુટિ કલેકટર. (સ. ૭) આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટિ કલેકટરના ઉપરીને શું કહે છે? જ. કલેકટર. (સ. ૮) કલેકટર શું કામ કરે છે? જ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલિ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે. (સ. ૯) કલેકટર

ઇન્સાફનું કામ કરે છે ત્યારે એ કયા અધિકારી કહેવાય ? જ. ડિસ્ટ્રિક્ટ માજિસ્ટ્રેટ. (સ. ૧૦) કલેક્ટરને પોલિટિકલ એજંટ ક્યારે કહે છે ? જ. જ્યારે દેશી રાજ્યો સંબંધી કામકાજ કરે ત્યારે.

પોલીસ ખાતું (સ. ૧) પોલીસ ખાતું શું કામ કરે છે ? જ. લોકોના જાનમાલનું રક્ષણ કરે છે. (સ. ૨) ગામડામાં પોલીસ અધિકારી કોણ છે ? જ. પોલીસ પટેલ અથવા મુખી. (સ. ૩) તાલુકાના પોલીસના ઉપરીને શું કહે છે ? જ. ફોજદાર. (સ. ૩) ફોજદાર પર કોણ દેખરેખ રાખે છે ? જ. પોલીસ ઇન્સ્પેક્ટર. (સ. ૫) ફોજદાર અને પોલીસ ઇન્સ્પેક્ટરના ઉપરીને શું કહે છે ? જ. પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ.

દિવાની ખાતું (સ. ૧) દિવાની ખાતું શું કામ કરે છે ? જ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (સ. ૨) તાલુકામાં લેણદેણનો ઇન્સાફ કરવાને કઇ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે ? જ. સેકન્ડ ક્લાસ સબજજ કોર્ટ. એના ઉપરીને સબજજ (મુન્સફ) સાહેબ કહે છે. (સ. ૩) શહેરમાં સબજજ કોર્ટો કઇ છે ? જ. ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસ. (સ. ૪) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કરે છે ? જ. ડિસ્ટ્રીક્ટ જજ. તેઓ લેણદેણ સંબંધી બારે દાવા અને ખૂન ચોરી વગેરેનો ઇન્સાફ કરે છે. (સ. ૫) ડિસ્ટ્રીક્ટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે ? જ. સબજજ અને માજીસ્ટ્રેટ.

વૈદક ખાતું (સ. ૧) વૈદકખાતું શું કામ કરે છે ? જ. માંદા માણસની માવજત કરે છે, તથા તેમને દવા આપે છે. (સ. ૨) તાલુકામાં વૈદક અધિકારી કોણ હોય છે ? જ. હોસ્પિતાલ આસિસ્ટંટો. (સ. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે ? જ. કંપાઉન્ડર (દવા આપનાર) (સ. ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ

ક્યાં રહે છે ? જ. સિવિલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું (સ. ૧) જાહેર બાંધકામ ખાતું શું શું કામ કરે છે ? જ. સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે. (સ. ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે ? જ. ઓવરસીઅર. (સ. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે ? જ. એકિઝકયુટિવ એંજિનીઅર.

કેળવણી ખાતું (સ. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહેછે ? જ. મહેતાજી (સ. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે ? જ. ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. (સ. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને મદદ કરનાર કોણ ? જ. આસિ. ડે. એ. ઇન્સ્પેકટરો અને તાલુકા માસ્તરો.

પોસ્ટ ખાતું (સ. ૧) પોસ્ટ ખાતુ શું કામ કરે છે ? જ. કાગળો, બેંગીઓ, પારસલો, તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (સ. ૨) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે ? કારકુન, સિપાઇ, ટપાલી.

ઉપર સિવાય તારખાતું, જંગલખાતું, સરવૈખાતું, એગ્રિકલચર ખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીતળા ખાતું, રજીષ્ટર ખાતું વગેરે ખાતાં છે.

મ્યુનિસિપલ ખાતું (સ. ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે ? જ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકોપર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સંભાળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે. (સ. ૩) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે ? જ. જકાત, બાજરવેરો, ઘરવેરો, નળવેરો, ગાડીવેરો વગેરેથી. (સ. ૩) મ્યુનિસિપા-

લીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય? જ. પાંચ હજાર કરતાં વધારે માણસની વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (સ. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કેવી રીતે ચાલે છે? જ. સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદોથી (સ. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે? જ. કૌંસિલર. (સ. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે? જ. પ્રેસિડન્ટ અને તેને મદદ કરવા ચીફ ઓફીસર, સેક્રેટરી, ઇન્સ્પેકટરો ને કારકુનો વગેરે હોય છે.

લોકલફંડ ખાતું (સ. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે? જ. કુવા, તળાવ, રસ્તા, વગેરે બાંધવાનું તથા સમરાવવાનું અને કેળવણી આપવાનું. (સ. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શેમાંથી ચાલે છે? જ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે, તે પર દર રૂપીએ દોઢ આનો લોકલફંડનો વધારે લે છે, તેમાંથી ચાલે છે. લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે? જ. લોકલબોર્ડ. લોકલફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે? જ. લોકલબોર્ડ ક્લાર્ક.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ.

પરૂં—શહેરનો પાછળથી વધેલો ભાગ.

ગામ—નાનાં નાનાં ઘણા ઘરની વસ્તી હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ જેમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

તાલુકો—ઘણાં ગામો મળીને થએલો ભાગ જે મામલતદારના તાબામાં

હોય છે તે.

શહેર—જેમાં સારાં મોટાં બજારો, છોબંધ અને હારબંધ ઘણાં ઘરો હોય તે.

જિલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જયાંથી ઘણો માલ વહાણ મારફતે આવજા થતો હોય તે.

એજન્સિ—નાનાં દેશી રાજ્યનો જથો.

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર સરકારી અધિકારી.

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી હોય તે.

બેટ—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—ઘણા ઉંચા, લાંબા, પહોળા ટેકરા મળી થએલો ભાગ.

નદી—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી નિચાણ જગા પર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર—ખારા પાણીનો ભાગ. આગબોટ વગેરેનો માલ લાવવા લઇ જવાનો ધોરી રસ્તો. નદીને મળવાનું ઠેકાણું.

મીઠઅંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગા.

હવાખાવાનું ઠેકાણું—જ્યાં ચોકખી ને ઠંડી હવા આવતી હોય તે.

જાત્રાનું ઠેકાણું—પવિત્ર જગા કે જ્યાં પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે.

પેદાશ—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં થતો પાક.

નિકાસ—બીજે દેશ જતી ચીજો. **આયાત**—પરદેશથી આવતી ચીજો.

ડમ્બેલ્સની ડ્રિલ.

દરેક રમત ૧૧ સુધી કરાવવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા. હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧૧) (૧) જમણો હાથ ઉંચો. (૧) જમણા હાથની મુઠ્ઠી મો

તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૨) (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૩) (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણો હાથ માથા પાછળથી લઈ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૪) (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૫) બેઉ હાથ ઉંચા રાખવા. (૧) જમણા હાથની મુઠ્ઠી મોં તરફ લઇ ફેરવી જમણો હાથ ઉંચો રાખવો. (૨) ડાબા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત ૧૬) બેઉ હાથ ઉંચા રાખવા. (૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૭) બે હાથ ઉંચા. (૧) જમણો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૮) (૧) બેઉ હાથ સામા લાંબા મુઠ્ઠીઓ જમીન તરફ. (૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછલી તરફ.

રમત ૧૯) (૧) બેઉ હાથ સામા લાંબા મુઠ્ઠીઓ જમીન તરફ (૨) બેઉ હાથ પાછળ લાંબા મુઠ્ઠીઓ આકાશ તરફ.

રમત ૨૦) બેઉ પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. (૧) બેઉ હાથ ઉંચા. (૨) બેઉ હાથ પગનાં આંગળાં આગળ.

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

પરમેશ્વરે	વૈશાખ.	સમજાવ્યું.	અર્ધું.	કૌશલ્યા.
કર્યું	અશાડ.	ઊંઘ્યાં.	સ્વાદે.	ઊઠયો.
વટેમાર્ગુ	ધોએલાં.	શિખામણ.	કુટુંબના.	ઇચ્છા.
ભક્તિ.	વિખુટા.	રિસાળ.	સોહામણી.	ગભરાટમાં
પૃથ્વી	પિત્તળનાં.	ભાઇભાંડું.	નુકસાન	ગણકાર્યું.
ધર્મશાળા	મિઠાઇ.	ઢોંગ	પુતળાં.	સર્વે.
હોશિયારી.	લક્કડ.	યત્ન.	ધાન્યથી	વિચાર્યું.
વર્ણન.	પુષ્કળ.	તૂટેલે.	ચટણી.	બ્રાહ્મણ.
ભ્રમર.	સુતરાઉ.	હિંમત.	ધોતલીમાં.	વિદ્યાર્થી.
પૂર્વે	દ્રાક્ષ.	ભીડયો.	કૂટયું.	મૂર્ખ.
ઝગઝગાટ	ગધેડાનું	છુટ્ટી.	ફુટેલું	ધણિઆણી.
ભક્ત.	મસ્તીમાં	અજીતસિંહ	પસ્તાવો	છોકરાં છેયાં.
ધ્યાન.	તંમર.	શિવશંકર	ઝૂટવી.	ઇશ્વર.
શ્રાવણ.	ખદખદતો.	ચક્કરમાં.	ખેંચતાણ.	જન્મ.
વસ્ત્ર.	જકડી.	દોડાદોડ.	સહીઅરો.	ભાંગીતૂટી.
દિવાળી.	માંદું.	ધૂમી રહ્યો.	કદ્દા.	ગાર્ડ.
પોષ.	ઝુંફમાં.	ઉઠાડયો.	નિંદે.	સ્ટેશન.
સૂર્ય.	પિવાડતો.	ભૂલથાય.	કલેશ.	સંદેશો.
પખવાડીઆં	અભાગીઉં.	ફુદીની.	રામચંદ્રજી.	સોંપ્યો.
તિથિઓ.	ગોંધતો.	દહ.	દર્પણ.	દુઃખ
ચૈત્ર.	કુદવું.	મિત્ર.	શ્રીરામ.	ગોઠવણ.

ખડખડાટ.	ખૂબસુરત.	તડંગધુમ.	અરજાગ્યા.	મુકાવ્યું.
ખિસોટીનો.	રૂપીઆ.	દુશ્મન.	સિંધુ.	વર્ગ.
મિનિટ.	ભૂખ્યો.	હેડકો.	સરિતા.	ખૂશ.
હારડું.	શીંગડાનો.	કૂદતો.	રળિઆમણી.	નિચાણમાં.
હીંચકો.	દોડયું.	તકુકતો.	સૂર્યનો.	ઇશ્વરલાલ.
હિંચોળે.	સંકટમાંથી	કુદતું.	સ્હાય.	બાહું.
ઢીમણું.	શિઆળ.	ચઢાઉ.	વનસ્પતિ.	અધિકારી.
ઓઢો.	ભર્યા.	ભિખારીને	નાળિએરી.	ગંધ.
નીમણુંક.	પ્રાણી.	ઉતર્યો.	પલ્લવ.	બંદોબસ્ત.
ચીતરામણ.	ચટાપટા.	ભૂલ્યો	વિશેષ.	મુસલમાન.
દીલગીર.	ઢીલ.	ધ્રૂજતો.	ચોટા.	મામલતદાર
ઢેકાઢળીઆ	ભઠ્ઠીમાં.	સોભાગચંદ	શિખંડ.	હરિભાઇ.
ધૂળમાં.	ધગધગતા.	પહેર્યા.	પશ્ચિમ.	માસ્તર.
દાટે.	લગ્ન.	દેશાવર.	ઉત્તર.	ટપાલી.
કિનારો.	પિએરથી.	સ્ત્રી.	હંમેશાં.	ધોએલાં.
અર્ધી.	ટાંકણું.	અર્ધા.	સ્લેટ.	ડાકતર.
વાટમાં.	આપકર્મી.	ઢંકાએલાં.	વિજ્યા.	ધગધગતા.
હડખાએલું.	બાપકર્મી.	અંગુઠીઆં.	મુકુંદ.	પક્ષીઓ.
નિહાળ્યું.	સોંપ્યું.	નિશાની.	ફુટપટી.	ઢોર.
ડર્યો.	ઓચીંતી.	ઢુંકડું.	મધ્યમાં.	ઘોંઘાટ.
ઝૂલતાં.	ઠેકાવી.	પ્રભુનો.	પગથીઉં.	લક્ષ્મણ.
છેપછાકરે.	લશ્કર.	મહિમા.	ટેબલો.	રામચંદ્ર.
પૈસેટકે.	પ્રાર્થના.	જગપતિ.	ખુરસી.	ચાહું.

ધિકાર.	કંટાળ્યું.	આળસુ	બગાડયું.	શરત.
ધાન્ય.	ચળકાટ.	ફોરા.	ઈંડાં.	ટકીઓ.
નિર્દય.	સસ્તું.	ધુંસરી	રક્ષણ.	ઉપયોગી.
કુમાળી.	પાંદડી.	અન્ન.	જંતુઓ.	અરદાસ.
અફસોસ.	સુળીઆ.	સંતોષ.	હુન્નર.	ત્રીસ.
વિષ.	ઝીંઝવો.	લટ્ટુ.	મંકોડો.	ભૂંકે છે.
છિદ્રો.	ચરાઉ.	ઉત્તમ.	ઉદ્યોગી	વધ્યા.
તાંબુ.	ગડીઓ.	ટાંકણુ	ખાબોચીઉં	અડીઅલ.
પિત્તળનાં.	સુગંધ.	ઝપાટો.	ચીકટ.	મહેનતુ.
ધંધો.	અત્તર.	અગિઆર.	ભિંજાઇ.	કહ્યાગરૂં.
તાંબાકુંડી.	દાંડી.	કુકડ.	છેતરવાની.	ટટ્ટુ.
કથરોટ.	સાંકડીઓ.	શિઆળવાં	કુકરેકૂક.	ખચ્ચર.
સિક્કા.	ઝુંપડાં.	રંધાઇને.	તણખલાં.	ધડ.
ટંકશાળ.	ગુચ્છો.	પૈસાદાર	બચ્ચાં.	હોઠ.
પૂછયું.	સળંગ	તત્કાળ.	જાંગ.	હુડપચી.
મેળવણીથી	અથાણું.	વાઘરી.	નક્કર.	ઇંદ્રિય.
વિરોધ.	કોવત.	ઓઢીને.	પ્રીતિ.	શીંગડાં.

સમાપ્ત